જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી ૮૯ લીટર દેશી, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા મુજબ ૧ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૩૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૭/૧૬**

**રામોલઃ** છાયાબહેન રમેશભાઈ સોલંકી (ઉ.વ.૧૭) (રહે.નેકવાળો કુવો વસ્ત્રાલ ગામ) ને તા.૨૧/૭/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે નિરાંત ચોકડી પાસે મોતીબા સ્કૂલ નજીકથી આરોપી રાહુલ ભરતભાઈ પરમાર (રહે. ગામ બાબાપુર વાકીયા તાલુકો-જીલ્લો અમરેલી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ છાયાબહેનની માતા નીતાબહેન સોલંકીએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** પીંકીબહેન રમેશભાઈ ઠાકોર (ઉ.વ.૧૬) (રહે.મારવાડી વાસ ભુદરપુરા આંબાવાડી) ને તા.૨/૬/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રાજેશ ઉર્ફે વિક્રમ મગનભાઈ પરમાર (રહે. ગામ કુણી ઠાસરા જીલ્લો ખેડા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પીંકીબહેનની માતા પાર્વતીબહેન ઠાકોરે તા.૨૨/૭/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩૮/૧૬</u>**

**સેટેલાઇટઃ** કાંતીભાઇ શિવાભાઇ અમીન (રહે.મીથીલા સોસાયટી, માણેકનાગ પોસ્ટ ઓફીસ પાસે, શ્રેયસ સ્કુલ સામે, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૭/૧૬ સવારના ૮/30 થી બપોરનાં ૪/00 વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીનાં, એપલ કંપનીનું લેપટોપ અને રોકડ રૂપિયા ૨0,000/- મળી કુલ રૂપિયા ૧,૮0,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩૯/૧૬</u>**

**રિવરફ્રન્ટ "વેસ્ટ"** : યોગેશભાઇ નટવરભાઇ દેસાઇ (ઉ.વ.૬૨)(રહે.પ્રગતીનગર ફ્લેટ, બી.આર.ટી.એસ. બસ સ્ટોપ સામે, નારણપુરા)એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૭/૧૬ બપોરના ૧/00 વાગ્યાના સુમારે રિવરફ્રન્ટ ઘાટ નં.૬ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી છે. આ અંગે રિવરફ્રન્ટ "વેસ્ટ" પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંગભાઇ નંદેરીયાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)